**ભૂતપૂર્વ લોકસભાના અધ્યક્ષ શ્રી સોમનાથ ચેટર્જીના દુઃખ નિધન અંગે શોક વ્યકત કરતા રાજયપાલશ્રી તા. ૧૩/૮/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.**

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી સોમનાથ ચેટર્જીના નિધન અંગે ઉંડા દુઃખ અને શોકની લાગણી વ્યકત કરી છે.

રાજયપાલશ્રીએ શોક સંદેશમાં જણાવ્યું છે કે વરિષ્ઠ રાજનીતિજ્ઞ અને વિદ્વાન પાર્લામેન્ટેરીયનની ખ્યાતિ ધરાવતા શ્રી સોમનાથ ચેટર્જીના નિધનથી સાર્વજનિક જીવનમાં ન પૂરાય એવી ખોટ પડી છે. સ્વ. શ્રી સોમનાથ ચેટર્જી મૂલ્ય આધારિત રાજનીતિને વરેલા હતા. તેઓએ ૧૦ વખત સંસદ સભ્ય તરીકે રહી જનહિતના કાર્યોમાં સક્રિય યોગદાન આપ્યું હતું જે હંમેશા યાદ રહેશે.

ઈશ્વર દિવંગતના આત્માને શાશ્વત શાંતિ આપે અને તેમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શકિત આપે, તેવી રાજયપાલશ્રીએ પ્રાર્થના કરી છે.